# માટી અને મેઘ

મણિલાલ હ૰ પટેલ

પાર્શ્વ પબ્લિકેશન
અમદાવાદ

*Mati ane Megh* (Poems)
By: Manilal H. Patel
2017

© Parul Pradhan

**પ્રથમ આવૃત્તિ :** ૨૦૧૭

**પ્રત :** ૩૫૦

**મૂલ્ય :** રૂા. ૧૩૦

**પ્રકાશક :**
**પાર્શ્વ પબ્લિકેશન**
૧૦૨ નંદન કોમ્પ્લેક્સ,
રેલવે ફાટક સામે,
મીઠાખળી ગામ, અમદાવાદ – ૬
ફોન. ૯૭૨૭૯ ૦૦૮૯૯

**ટાઇપસેટિંગ/લે આઉટ :** મહેશ ચાવડા
**દિયા અક્ષરાંકન**
ચાવડા નિવાસ, વાસણા(બો), તા. બોરસદ, જિ. આણંદ, ગુજરાત – ૩૮૮૫૪૦
મો. ૯૯૦૯૧ ૦૦૧૨૭

**મુદ્રક :**

**– ને**

**ચિ○ ડૉ○ આશા ગોહિલ**

•

**પ્રા○ જયેશ ચૌહાણ**

•

**ચિ○ દીપ ચૌહાણ**

•

**॥ સંવેદના – અભ્યાસ – સેવા ॥**

**સામાજિક નિસબત**

**પરિવારને શુભાશિષ સાથે**

❑

## અ નુ ક્ર મ


| | |
|---|---|
| ઉત્તરરાગ | ૧ |
| પ્હાડોમાં... | ૨ |
| ઘાસ | ૩ |
| સંસ્કૃતિક્ષય | ૪ |
| ઓહ! અમેરિકા...! | ૫ |
| એક અનુભૂતિ | ૧૦ |
| મન | ૧૧ |
| અંદર | ૧૩ |
| વૃક્ષ એટલે | ૧૫ |
| નામથી નફરત મને | ૧૭ |
| કોણ છે | ૨૦ |
| વાટઃ ચાર કાવ્યો | ૨૧ |
| નદી | ૨૫ |
| ખેતરો | ૨૮ |
| આપણે | ૩૦ |
| શલ્ય | ૩૧ |
| મરણ તરફ | ૩૨ |
| ઉપેક્ષા | ૩૩ |
| કીડી | ૩૪ |
| માટી અને મેઘ | ૩૫ |
| અસલની એંધાણી | ૩૬ |
| વ્હાલનું વૃક્ષ | ૩૭ |
| વર્ષાવિરહિણી | ૩૮ |
| તુંઃ કવિતા! | ૩૯ |
| મારે તો – | ૪૦ |
| તું... | ૪૧ |
| તમને ગમે તો | ૪૨ |
| અમેરિકાનાં પાનખર વૃક્ષોને – | ૪૪ |
| અલવિદા! અમેરિકાનાં વૃક્ષો... | ૪૬ |
| કોણ છે એ...? | ૪૮ |
| આમ જ, ચાલ્યો જઈશ... | ૪૯ |
| હું પાછો આવીશ | ૫૧ |
| ઉન્માદ | ૫૩ |
| કાશીરામ કાકાની વાત | ૫૪ |
| ક્યાં ગયા એ લોકો? | ૫૭ |
| કાગળની હોડી | ૬૦ |
| રસ્તાઓ – ૧ | ૬૧ |
| રસ્તાઓ – ૨ | ૬૨ |
| ભીંતો – ૧ | ૬૩ |
| ભીંતો – ૨ | ૬૪ |
| ભીની આંખે | ૬૫ |
| પોતાપણાનું ગીત | ૬૬ |
| ગીત | ૬૭ |
| કેમ? | ૬૮ |
| મૅર, મૂઈ... | ૬૯ |
| ગીત | ૭૦ |
| ગીત (કાવ્ય) | ૭૧ |
| અમેરિકાની પાનખર જોતાં | ૭૨ |
| હું માટી તું બીજ | ૭૩ |
| એકલી | ૭૪ |
| સ્માર્ટ છોકરીનું ફૉન-ગીત | ૭૫ |
| ભાગી ગયેલી છોકરીનું ગીત | ૭૬ |




## ઉત્તરરાગ
### (શિખરિણી – સૉનેટ)

મને આવુંતેવું અશુકશુ ઘણું થાય હમણાંઃ
અજાણ્યાં ઘેરી લ્યે અમી નીતરતાં નેણ નમણાં,
સવારે ઊઠું ને હૃદય થડકે આંખ ફરકે
પહાડોની આઘે ક્ષિતિજ પરથી કોક બરકે
અને વીંધી નાખે કળી કૂંપળ શું સ્મિત, છલકે–
નવાં પર્ણો પ્હેરી તરુવર, નવી ડાળ મલકે!
મને ખેંચે કોઈ અવશ તરુણી મોસમ બની
ધરાના ઉરોજે ઝરણ ખીણ જંઘા; હું ય ધની...

વસંતો આવી છે નમણું રૂપ આશાનું લઈને,
ઝૂક્યાં નક્ષત્રો યે ટગર ફૂલની ડાળ થઈને!
પીડાના પર્યાયો ઘર પૂછી પૂછીને પજવશે
ખરે ચાહ્યા-ની આ કરવત મને વ્હેરી જપશે!
પૂરા કાળે ચાહ્યાં પ્રિયજન નથી વીસરી ગયો
સહી સંતાપો હું પ્રણય-ઋણ એ ચૂકવી રહ્યો...

❖

તા. ૧૨.૦૮.૨૦૧૫, ચેરી ટ્રી વીલેજ
ક્લીવલૅન્ડ (ઓહાયો, U.S.A)

## પ્હાડોમાં...
### (શિખરિણી – સૉનેટ)

મને આ પ્હાડોનો પરિચય નથી એક ભવનો,
ઘરોબો વર્ષોનો અયુત સદીઓ કૈં જનમનો...
તમે નૈ માનો, હું તરુવર હતો આ ગિરિવને
કદી આ ઢોળાવે, ખીણ-કૂહર ને ભેખડ કને.
વળી આ પ્હાડોમાં ધૂમસમય વાતાવરણ થૈ
ઝૂક્યો'તો ઝાડોમાં ઋતુ રણકતી રંગત લઈ...
વીંટાયો ડાળોમાં થડ થડ થયો વેલ ફૂલની
ધરાના રોમાંચે તૃણતૃણ પીધી ગન્ધ મૂળની!

કદી આ પ્હાડોમાં ઋષિમુનિ થયો મંત્ર રચવા,
થઈ પાછો આવ્યો રૂપવતી, તપોભંગ કરવા...
સગી આંખે જોયા વનવસનમાં પાંડવ જતા,
વિયોગે સીતાના રઘુપતિ દીઠા વિહ્વળ થતા!
હવે જોવા મારે ઝખમ દૂઝતા પ્હાડ-તરુના?!
કયા એવા શાપે રગરગ બળું? તોય મરું ના...?

❖

તા. ૨૬.૦૮.૨૦૧૫, ચેરી ટ્રી વીલેજ,
ક્લીવલૅન્ડ (ઓહાયો, U.S.A.)



## ઘાસ
### (શિખરિણી – સૉનેટ)

ન જાણું શા માટે પૃથિવી પર આ ઘાસ ગમતું?!
ખીણે પ્હાડે ક્ષેત્રે સીમ વન વને ચિત્ત ભમતું:
ગમે ના એને યે તૃણ વગરના આ નગરમાં
ન જંપે એ પોતે, લઈ જતું મને ઘાસ-ઘરમાં!
વળી લૈને દોડે છલછલ થતાં ઘાસ-બીડમાં,
અને શોધી કાઢે ઊગતું તૃણ પાષાણ-ભીડમાં!
બતાવે મેદાનો હરિત-પીત રંગે છલકતાં
પછી મારે અંગે તૃણ પુલક થૈ એ મલકતાં!

હવે હું ચાવું છું તૃણ-સળી તૂરી, – કેફ ચઢતો,
હું જ્યાં જન્મ્યો'તો એ મલક ભીતરે આવી અડતો...
હજી એ શેઢા-ખેતર, ઘર સુધી આવી ચઢતાં
મને ખંખેરીને ખબર પૂછતાં: ખૂબ વઢતાં:
'ભલા! તું તે કેવો-જન? – પદ – ભૂલીને ભટકતો?'
ખરી આ માટી છે – તૃણ પણ ખરાં! તું ખખડતો...!

❖

તા. ૦૩.૦૨.૨૦૧૬, બુધવાર

## સંસ્કૃતિક્ષય
### (શિખરિણી – સૉનેટ)

ગયા એ દા'ડાઓ, તરુ સર નદી ને વન ગયાં,
કપાયા પ્હાડો ને અસલ વનવાસી જન ગયાં.
વીતેલાં એ વર્ષો હરિત તડકે વાંસવનમાં,
નદી કાંઠે જ્યોત્સ્ના-રૂપ વદન આજે ય મનમાં!
ભર્યાં વૃક્ષો પંખી – કૂજન, ઝરણે ગાન ઝરતાં,
વળી આકાશેથી સૂરજ – વિધૂ થૈ પાન ખરતાં!
અરે! રાને રાતે વનપવન કેવો નીકળતો...!
સવારે કૂંણેરી કણજી-વિટપે સૂર્ય મળતો...

ગયો ક્યાં એ મારા વતન-વનનો આદિમલય?
સદી આખ્ખી વીતી વસમી વીસમી, સંસ્કૃતિક્ષય!
બધાં યંત્રેઘેર્યાં નગર, ઘર, વેરાન વલખે
મથું ન્હાવા તોયે સ્વ-જન દૂર! ના, આંખ પલકે!
વિસામા થાક્યાના પણ નવ જડે, રાત પડતી...
નથી મારા વ્હાલા! અસલ ઘરની વાટ જડતી...!

❖

તા. ૧૯.૦૯.૨૦૦૦(પ્રથમ)
તા. ૧૫.૦૯.૨૦૧૪(સંમાર્જન), વલ્લભવિદ્યાનગર



## 'ઓહ! અમેરિકા...!'
### (ઝૂલણા)

કેટલાં જોજનો કાપતો માપતો
કેમ આવ્યો અહીં? હું મને પૂછતો
જાતને ગોઠવી ના શકું...
વિસ્મયો છે અહીં કેટલાં?! પાર ના...
પારકા દેશમાં પારકાં લોક છે
ઓળખે કોઈ નહિ કોઈ પણ યાર ના...
ઝાડવાં છે ઘણાં ને ઘટાદાર પણ
તે છતાં છાંયડે બેસતાં લોક ના
પંખીઓ ગાય પણ સાંભળે કોઈ ના
કારને કાચ છે – બન્ધ છે
પીળચટી લાલ ને લીલી બસ લાઇટો દેખતાં
જાતના મોહમાં લોક શાં અન્ધ છે?!
પુષ્પ છે કેટલાં કેટલાં રંગનાં
તે છતાં કેમ કશી ગન્ધ ના?

સેતુ પર સેતુઓ
બોગદાં ભોંયરાં ઝૂલતા પુલ છે
ને સડક જાગતી ભાગતી રહે સતત
રૂહે દિવસ દોડતા,
રાતની આંખમાં જંપના
કોઈમાં સ્પંદ દેખાય ના
ને ધરામાંય જરી કંપ ના
સાત સાત સાગરો પારના
ને નવે ખંડમાં જે વસ્યા દેશના
લોક રંગરંગના આવતા ને જતા
તોય કો' ભાવથી ભેટતા કેમ ના?

એકલા એકલા યંત્રવત્ જીવતા
રોજની જિન્દગી રોજ રૂહે સીવતા
ઘર ખરીદે પછી કાર ન્યૂ લાવતા...
સહજતા લાગણી ક્યાંયના
ઝૂરવાનું નથી જાણતાં બાપડાં લોક આ
ગોઠવેલું નર્યું જીવતાં
જીવવું આ રીતે છો મને ના ગમે –
તે છતાં શ્હેરનાં શ્હેર જોવા ફરું!
આ જગાનો કહો કેટલો જાદુ છે?!
રૂપ છે એટલું નૂર નહિ
પૂતળાં શાં ઘડ્યાં લોક અહિ
બોલતાં તેય પણ પૂતળાં જેમ એ
ના કશો ભાવ છે ના કશી ભાવના
હાય હેલો કરે
તે છતાં આંખમાં ભેજ ના
સ્મિત પા ઈંચનું જો કરે, બાપ રે! બહુ થયું!!
બાળકો 'હગી' કરે
ને રહ્યાં જે બધાં સોળનાં વીસ બાવીસનાં
જ્યાં મળે કીસ કરે બે ઘડી, ને પછી મીસ કરે...
ને વળી જો ગમે અન્ય તો
પ્રેમને 'બાય' કરે, 'કામ'-ને કાયમી ચાહતાં
પ્રીતના જાદુને ના કદી જાણતાં...
નોકરી ને હવામાન સ્ત્રી
આજ આ છે વળી, હોય કાલે જુદાં!
'જિન્દગી એટલે ખેલ બસ આટલો?'
એમ પૂછો તમેઃ અર્થ એનો નથી કૈં થતો!

ભીતરી ભોંયમાં ખાલીપો છે નર્યો
તેય ના જાણતાં છાકટાં લોક આ
પ્યાલીના પ્રેમમાં છે બધું એમ ગણી માણતાં...
તત્ત્વ ને સત્ત્વ તો જોજનો દૂર છે તે છતાં –



'કૅલરી' ગણી ગણી ખાય છે 'ફૂડ' ને 'ફીટ'નો
દાખલો
'બ્રા અને બ્રેડ'-નો મામલો જિન્દગી
એટલું ખાસ સમજાય છે એમને...
એકલાં એકલું જીવતાં સૌ સ્વજન દૂર છે ને જુદાં...
માંદગી કે મજા? ફોનથી જાણતાં
'વેઠવામાં ખરું સુખ છે સાથમાં
આંખમાં આંસુનું મૂલ્ય છે –'
એમની જાણમાં આ મજા છે? – નથી?!
ને મને શૂળ ભોંકાય છે રોજ આ જાણીને –
'હોવું એ કેટલી યંત્રણા હોય છે?!'
એ બધું કોકને ક્યાંક સમજાય છે...
સ્ટ્રીટ ને એવન્યૂ જોઉં છું – એકનું એક જાણે બધું!

પૃથિવીની ઉત્પત્તિથી લઈ
ગ્રીસનાં – રોમનાં, ગૌરવો પૂર્વનાં!
માનવી સંસ્કૃતિનો બધો કારમો કાળવો પાછલો
વારસો જ્યાં ભર્યો મ્યુઝિયમે
હું મને રોજ ત્યાં ખોઉં છું
આંખ ભીની કરું – રોઉં છું...
પર્વતો સાગરો બીચ સોહામણા વૃક્ષના બાગ છે
'સ્રોવરો' – 'રીવરો' માણવા જોગ છે –
ધોધ રળિયામણા, દેવળો દા'મણાં!
તે છતાં કેટલી દે'શતો યુદ્ધઆતંકની!
ટાવરો તૂટતા દેશ કંપી જતો, પૂછતો –
'સિદ્ધિનો અર્થ શો આટલો (જ) હોય છે?'
ઉત્તર વિણ અધર ધ્રૂજતા! તોય જો –
ચન્દ્ર પર યાન લૈ માનવો જાય છે
ને અહીં માણસો કાર-થી નીકળી –
ભીંતમાં એકલા રોજ પુરાય છે...

આમ તો સાથમાં રહે બધા પાસ પાસે યથા –
મોલમાં માલસામાનના સાથરાપાથરા શા પડ્યા!
છે બધી બ્રાન્ડની બ્રાન્ડન્યૂ વસ્તુઓ
‘દોડતાં આવતાં ને ઘણું લૈ જતાં
ને છતાં માલ ના ખૂટતો મોલમાં –
આંખ થાકી જતી મન નથી નોંધતું!
કોઈને કોઈ ના ઓળખે જેમ આ વસ્તુઓ
કેટલું સોહતી ના કશું બોલતી!
‘આઈ નો’, ‘થેંક યૂ’, ‘હેવ એ નાઈસ ડે... યૂ ટુ ઉ...’
આટલી વારતા થાય છે રોજની મોજની!?

– તો જમાદારપણું આટલું કેમ છે?
‘માનવી કેન્દ્રમાં છે’ કહી –
રૉફ રુઆબમાં રાચતા રાજના માલિકો?
શસ્ત્ર સોદાગરો ફાવતા – યુદ્ધને વેચતાં
ને શાંતિના દૂત થૈ ભાષણો ઝાડતા
‘લોકશાહી’ કહો ઠીક છે –
કારસા રાત દિન થાય છે. ભોગ લેવાય છે!
તે છતાં દાખલો આપતી દુનિયા, કેમ કે –
ભોગવિલાસ ને રૂપિયા જોઈએ લોભિયાં લોકને?

આભને આંબતા ટાવરો ટાવરો છે હજી
સૂર્ય છો આથમે રોશની રેશમી કૈં બધે ઝળહળે!
હડસન તટ પરે મેનહટ્ટન સામને
ભવ્ય મૂર્તિ ઊભી મુક્તિની માતની...
શાંત છે – પેસિફિક!
લૉસ એન્જેલસે ફિલ્મમાં નટનટી
મોહના મોહમાં રાચતાં નાચતાં
અવનવી ફૅશનો આચરે
યંગ જનરેશનો એમને અનુસરે
છાકટાં થૈ ફરે જાતને વિસરે...



લાસવેગાસમાં આધુનિક કૌરવો પાંડવો
દ્યૂતના શોખીનો લાલસા-લસ્ટમાં લાપતા
ડિઝનીલૅન્ડમાં છે અજાયબ બધું
નવ રસો છે નર્યા!
ચીનજાપાનની ફૂદીઓ ઊડતી બૂડતી
વૉશિંગ્ટન ડીસીમાં આંસુ ને અચરજો ખૂબ છે
સૈનિકો યુદ્ધમાં જે મર્યા, એમની યાદમાં
છે ઉદાસી ઘણી...,
જીવતાં જે હણ્યાં યાતના કારમી એમની
લોકની આંખમાં વેદના છે હજી...
લૉંગવુડ રેડવુડ ફૉલ-ના રંગના વૈભવો,
વૈભવો વેલીના ફ્રૂઝના વૈભવો છે ઘણા –
માણતા તોય એ એકલા, એકલા સૉરતા...??
દોડતા ભાગતા ને છતાં ઠેરના ઠેર છે
ના, નથી જીવવાનો કશો ભાર પણ એમને
નોકરી ને પછી ઘેરના ઘેર છે...
જિન્દગી ખાલીખમ ફોતરાં હોય તો શું કહો?!
શું કરો તો મળે માંહ્યલા તત્ત્વનો છાંયડો?
સાચને શોધતો સોચતો હું ફરું...

પૂર્વના દેશથી છેક હું પશ્ચિમે આવિયો
સત્ય હું ના નવું પામિયો, શું કહું?!
‘માનવી માત્રને ના કશે ના કશો જંપ છે
જ્યાં લગી શ્વાસ છે ત્યાં લગી સોસ છે...’
હું હવે ઝરમરું ફરફરું તો ઘણું
જાતમાં જૈ ઢળું – ભીતરે ખળભળું –
મૂળને ઘેર પાછો વળું...

❖

તા. ૨૦-૨૧.૦૭.૨૦૧૩(સર્જન) તા. ૦૨.૦૮.૨૦૧૩(સંમાર્જન)
ક્લીવલૅન્ડ (ઓહાયો, U.S.A.)

## એક અનુભૂતિ
**(પરંપરિત હરિગીત)**

ચોખ્ખો દિવસ છે કેટલો આ આજનોઃ
પુષ્પ થૈ પૃથિવી ખીલી ઊઠી સ્વયં!
ને હવા પણ માનસરમાં નાહીને
હમણાં જ આવી હોય જાણે –
તાજગી છે કેટલી ચારે તરફ...!

ને વાદળી આકાશ છે શું નીલકમલ?!
કો' દેવતાએ પૃથ્વીને ઓઢાડવા સારુ થઈ –
સૂર્યની સાખે વણેલું વસ્ત્ર કો' વિરાટ આ...!
ને પારદર્શી આવરણ સોનાનું આ
કૈં નામ તડકાનું ધરી
શણગારતું આ સૃષ્ટિને!

સુદૂર સુધી શાંત મન ના હોય જાણે! –
એમ પથરાઈ બધે લીલોતરી...
સૃષ્ટિનું આ રૂપ પહેલાં મેં કદી ક્યાં જોયું છે?!
ના હવે કોઈ કામ છે કરવા સમું મારી કને!
હું મુગ્ધ છું હું મુક્ત છું
લ્યો હવે ભૂલી ગયો છું હું મને
હું ય તરણું હું ય રજકણ છું ફક્ત –
ને ના કશું હોવા તણો પર્યાય છું
ઇતિ અલમ...!

❖



## મન
**(પરંપરિત લય)**

મનને તું છૂટ્ટું મૂકી દે
જઈ જઈને જશે કેટલે?
જોયા કર ને જાવા દે
ઝાકળ-જળમાં ન્હાવા દે...
બહુ બહુ તો પ્હાડ કૂદશે
ખીણ ખૂંદશે
ઝરણાં સાથે વ્હેતું થાશે નદીએ જાશે
ગમશે તો એ દરિયો સાગર જોશે
મૂંઝાશે ને પાછું વળશે...

મનને તારા રોકીશ ના તું
દુનિયાદારી ભલે દેખતું
નભના રંગો ભલે પેખતું
ઊંચા ઊંચા મહેલ મિનારા ટાવર ચઢશે
સરહદ સેતુ ઓળંગીને
પંચતારકે જલસા કરશે
જો કે છેવટ થાકી જાશે
ભીંતો એને નહિ ગમે, તું જોયા કરજેઃ
ધરાર એ તો તને શોધશે... સાચું કહું છું...

કંઠી કોઈ તારા મનને બાંધીશ ના તું
તડકો છાંયો ભલે થાય તું થાવા દેજે
મનની માટી ભીની છે સૂકાવા દેજે
વર્ષોથી એ બળ્યુંઝળ્યું છે
એની મેળે ઠરવા દેજે
શ્વાસ નિરાંતે ભરવા દેજે...

થાકીને મન તને પૂછશેઃ
'શું કરવું છે? સાચું બોલ...'
હળવે રહીને કહેજે એનેઃ
'તરણું લીલું ચાવી જો
વૃક્ષ આંગણે વાવી જો
કૂંપળ પાંદડાં કળીઓ ફૂલો ફળ ને બીજ–
એ પણ સઘળાં અસલ આગવાં સાચાં છે
પણ ખરી વાત તો મૂળમાં છે...
તળમાં જૈને ચાખી જો...'
મનને મૂળમાં રાખી જો
બીજ આંગણે વાવી જો...

❖



## અંદર
**(પરંપરિત લય)**

તું ભીંતોની બ્હાર નીકળ ને સામે જોઃ
તડકો તારી ખબર પૂછે છે
મેદાનોમાં આભ ચરે છે
વૃક્ષો ઉપર પવન પાંદડાં
તારા વિશે વાત કરે છે
પંખી તારા વતી ગાય છે –
સાંભળ તું...
ઊંબર પાસે તરણું કૉળ્યું
તરણા ટોચે ઝાકળ બિન્દુ
જાત વીંધાવે કોને માટે?
જાણે છે તું? જાણી જો...

દૂરના ડુંગર ખસતા ખસતા
તસુ તસુ જો પાસે આવ્યા
પૃથિવીનાં પાતાળો ફોડી
ઝરણાં મીઠી વાણી લાવ્યાં
ચાખી જો...
ખરા બપોરે સુવર્ણ મૃગ શી
પૃથ્વી ચળકે મૃગજળ છલકે
ઊડે ફોતરાં
ફાંફાં સઘળે સળગે...
જાત બચાવી રાખી જો...

સાંજ પડે ને
કયા મલકનો સોદાગર આ
ગુલાલ લઈને આવે છે –
લલચાવે છે?
લંબાતા લંબાતા જાતા
પડછાયાને પૂછી જો...

જ્યોત દીવાની પ્રગટાવીને
ભીંતોને તું આઘી કર
કોઈ નથી ત્યાં?!
જો અંદર...

❖



## વૃક્ષ એટલે

તું ય ઝાડને જોતાં શીખ
ચાંદા સૂરજ નક્ષત્રોની
ભાત ભરી છે એની ભીતર
એનામાં જે ઝરણાં વ્હેતાં જાદુગર છે
તું પણ એવું વ્હેતાં શીખ...

રોજ સવારે સૂરજ એની ડાળે બેસે
પવન પંખીની જેમ જ આવી –
ઋતુઓ એની ભીતર પેસે.
તગતગ તગતી રગરગ રગતી
બપોર એની માથે થોભે
ગાતાં પંખી ગુલાલ થાતાં
તરુ તરુ પર સાંજ સલૂણી શોભે!
નભ ને માટી કેવી રીતે રોજ મળે છેઃ
કૂંપળ કળીઓ એની કથા કહે છે!
તું પણ એવું કહેતાં શીખ...

અનરાધારે આભ વરસતું ઝીલે અંગેઅંગે
ફરતી ધરતી એના લયમાં –
રહે ખેલતા મરુત તરુ-વ્યાસંગે!
અંધારાના મખમલ સાથે
ચન્દ્રચાંદની શીતલ લૈને
કોને માટે વૃક્ષ છાંયડા ગૂંથે છે
આઠે પ્હોરે જાત ખીલવવા
એક પગે એ ઊભાં છે
ઋતુ ઋતુમાં ભળી જવાના
અડગ અટલ મનસૂબા છે
તું ય ઝાડમાં ભળતાં શીખ...

❖

તા. ૧૫.૦૭.૨૦૧૩, ક્લીવલૅન્ડ;
૦૫.૦૮.૨૦૧૩ શિકાગો



## નામથી નફરત મને
(પરંપરિત હરિગીતઃ)

થાકી ગયો છું –
ઊંચકી–પહેરીને મારું નામ સતત...!
કેટલાં વર્ષો થયાં – કૈં સાંઠ પર બે ચાર તે
આ નામ મારું ત્યારથી બસ,
એકનું એક જ ફક્ત જે ઊંચકીને, હું ફરું–
ને ના ફરું તો શું કરું?
નામ વગર તો કોઈ જાણે ના મને!
આમ પણ જોકે મને,
આ લોક જાણે છે જરીક...
તે નામ વગર હું જાણવા મુજને મથું છું:
કોણ છું હું? કેમ છું હું??
ને કહું તો કેટલી ભ્રમણાઓ છે ચારે તરફ!!
'નામ હોવું જોઈએ' – 'એ નામનો રિવાજ છે' –
એવું કહીને નામવાળા નામ પાડીને ગયા...
બસ ત્યારથી માઠી દશા છે આપણી,
મુદ્દલે ગમતું નથી આ નામ તો પણ
પહેરીને ફરવું પડે
એ ઓઢીનું સૂવું પડે –!
ને કેટલી મૂર્ખાઈ છે આ લોકમાં –
કે પછી છે ચાલબાજી નામની?? –
નામનો ના દેહ છે ના રૂપ કે આકાર પણ!!

તે છતાં
આ નામનો શો ભાર છે એ તો જુઓ!
લોક એનાથી દબાતા જાય છે,
કેં ચવાતા ને ખવાતા જાય છે.
'નામ'-ના જાદુને લોકો વાપરે છે,
વસ્તુઓનાં નામ પાડી,
ધૂળ ને ઢેફાંય વેચી ખાય છે.
નામને નામે અહીં આ દેશદુનિયામાં બધે;
રોજનાં યુદ્ધો લડાતાં જાય છે...
નામ લઈ નદીઓ વહે છે.
દંતકથાઓ નામની સદીઓ કહેછે...
પણ નામ મારું કામ ના આવ્યું મને!
નામ સાથે નામનો હું અર્થ લઈને નીકળ્યો –
જાવા મળ્યું ના બાર-માં કે દ્વારમાં – કેદારમાં!
નાણાં વગર ખાવા મળ્યું ના,
ને ટિકિટ પણ આપતું ના કોઈ –
અહીં નાણાં વગર...!

તો પછી આ નામને કરવાનું શું?!
ઘસીને નામ મારું કોઈનું, હું –
ગૂમડે જો ચોપડું, તો ગૂમડું મટશે ખરું?
ફરિયાદ પણ કોને કરું?
હુંય સૌની જેમ હારીથાકીને, બસ –
નામના દરિયા તરું?!
ઓ દેવતાઓ નામધારી –
શું કરું રે શું કરું??
નામ ના ખાતું કશું,
નામ ના પીતું કશું,
ના જાગતું કે ઊંઘતું!
તો ય જુઓ – નામની જાહોજલાલી



ઝાડ જેવું પહાડ જેવું થાય છે!
દોડતા ને ચાલતા પગ રાતદિવસ
હાથ કાયમ કામ કરતા હોય છે
તોય સઘળો યશ મળે છે નામ-ને!
આ નામથી નફરત મને
થાકી ગયો છું નામથી હું
બસ, બસ, હવે...!!

❖

તા. ૦૨.૦૮.૨૦૧૩, ૧૬.૧૦.૨૦૧૩

# કોણ છે?

આ કોણ આમ આવે ને જાય છે
સાંજ પડે કોની આ પગલીઓ
ઝળહળતા તારા થૈ જાય છે?

પાંદડે પાંદડે છે કોની હથેલીઓ
ને ડાળીએ ડાળીને ઝૂલવે તે કોણ છે?
સૂતેલાં જળને જૈ જગવે છે
ભરતીને ઓટ કરી પજવે છે
વ્હાલ કરી હોવાનું ભૂલવે તે કોણ છે?

રોજ નવાં રૂપ ધરે
તડકામાં હૂંફ અને હામ ભરે
દાહક દઝાડતું ખોળે બેસાડતું
અંધારું ઓઢાડી ઠારતું
પળને આકારતું એ કોણ છે?

પ્હાડોને તોડીને ખળખળતું
વૃક્ષોમાં કલરવતું
ધરતીને ફોડીને રંગોમાં કૉળતું
કુંવારી ઋતુઓને
ફળવંતી કરવા ફંફોળતું
ને એકલતા જીરવતા હૈયાને
રોજરોજ હીંચવતું કોણ છે?

બોલાવ્યું બોલે નહીં
હોવાની કળ કદી ખોલે નહીં
આપણને ઘેરીને ક્ષણ ક્ષણમાં
કણકણમાં ઊભું તે કોણ છે???

તા. ૦૬.૦૨.૨૦૧૫, પરોઢે



# વાટઃ ચાર કાવ્યો

૧

મેં તો કાયમ વાટ જોઈ છેઃ
કઠોર કપરા કાળા ઉનાળા કૂણા પડશે
આભલે આબી* નીકળશે
તરસ્યાં સીમવગડામાં કોળમડી ** વળશે
ખાખરીનાં કાચાં પાન જેવી
હવાઓ અંગેઅંગે રાગ જગવશે
દરિયે ગયેલી ખાલીખમ વાદળીવેળાઓ
જળ ભરીને પાછી વળશે...ને
તરસ્યા મલકને માથે મેઘો મંડાશે...
ફળિયાની ધૂળમાં ચકલીઓ ન્હાશે
માટી ફૉરી ઊઠશેઃ મ્હૉરી ઊઠશે મન!
પણ આ તે કેવી અંચાઈ!
થોડાંક છાંટાઓએ જ (ધૂળની જેમ)
છાતીને ચાળણી ચાળણી કરી દીધી છે
ડુંગરે ડુંગરે વને વને દવ લાગ્યો છે ને –
નવસોને નવ્વાણું રઘવાઈ નદીઓમાં
લ્હાય લાગી છે લ્હાય...!
હે યજ્ઞવેદીના દેવતા!
અમને કયા ગુન્હાઓની
સજા થઈ રહી છે... આ?
કેમ??

* આબીઃ વરસાદ પૂર્વે આભમાં નીકળતી વાદળીઓ
** કોળમડીઃ વરસાદ પૂર્વેના ઠંડા કે વાદળીઓ હંકારી જતા પવનોવાળી સવારની વેળા

૨

મેં તો કાયમ વાટ જોઈ છેઃ
કે, મેઘો મ્હેર કરશે
ને કાંટાળી વાડે કંકોડીના વેલા ચઢશે
સીમ લીલછાઈ જશે
પ્હાડ થયેલો ડૂમો ઑગળીને
પાદર સુધી વહી આવશે
રતુંબડી સાંજ વાડવેલાનાં
વાદળી ફૂલોમાં જાંબલી જાદુ લાવશે
ફળિયાને ત્રિભેટે ભીની માટી થાપીને
સાથે ઘર ઘર રમતી છોકરી પછી
ભાથું લઈને આવશે... ને
ભૂખ્યા દેવને જમાડશે...
ત્યાં જ માની હાક પડશેઃ
'સાંજ પડી... ચાલ્યો આવ...'
પણ આ શું? –
ઋતુએ રસ્તા બદલી લીધા કે શું?–
માતાના રથ પાછા વળી ગયા-અડધેથી?
કંકોડીને કાતરા ખાઈ ગયા
ચૂલામાં શીતળા માએ વાસો કર્યો છે
ને કાચાં કોરાં ધાન એમ ને એમ
કોઠારોમાં સડી રહ્યાં છે
ચપટી કૂલેર પણ નસીબ ન થાય –
એવા તે કિયા જનમના ગુન્હાઓની
શિક્ષા થાય છે... આ?!

૩

મેં તો કાયમ વાટ જોઈ છે કે –
સીમખેતરને વ્હાલથી
વીંટળાઈ વળતા શેઢાઓની જેમ
વ્હાલાં વળગી પડશે અમને, જાણે –



નેવનાં પાણી મોભે ચઢશે...
અજાણ્યો પથિક ઘરનો પરોણો થશે
લાપસીનાં આંધણ મૂકાશે, ને –
સામા ઘરની છોકરી આપણને
ધારીધારીને જોશે એવું કે –
ઘર અમારું ગોકળ આઠમનો મેળો થૈ જશે!
મોસમને પરવાળાં ચૂમી લેશે
કરાની કંથેરના જાળામાં
હોલીના માળામાં
વાદળી આકાશ ઊતરી આવશે...
પણ આ શું –
વેળાઓ વસૂકી ને ઋતુઓ પાછી વળી ગઈ?
હે રતિપતિ!
ઘરમાં એકલતાએ ઈંડાં મૂક્યાં છે
ને સન્નાટો સેવે છે દિવસ ને રાત...
બોબડી બોલાશ ને બ્હેરી હવાઓ
બાવળિયા વેળાઓ વાગે છે ને
મારી વ્હાલી ભાષા લોહીલુહાણ થૈ જાય છે!

અમને બેઉ છેડેથી સળગાવીને
કયા ભવનાં કયાં વેર વાળો છો?
હે દેવ...!

૪

મેં તો કાયમ વાટ જોઈ છે –
પાનખરના પડાવ ઊઠશે, ને –
ડાળે ડાળે કથ્થાઈ કૂંપળો ફૂટશે
ઝાડની છાયામાં સૂતી ધૂળમાં
ડમરી ઊઠશે, પછી –
કૂંપળ કળી ઊઘડી ને ફૂલ બનશે
પંખીઓ વસંત ગાશે

લીલા વાયરા વાશે
વણઝારા પોઠો લઈને પાછા ફરશે
પાદર ઘૂમર માંડીને ગાશે
લોક ઓળો ને પોંક ખાશે
તે એઈ... ને લીલા લ્હેર...
પરંતુ અચાનક આ અવળી ચૉટ શાની છે?
ભીતરમાં ફરતી શારડીએ તો
આડો આંક વાળ્યો છે
હોવાપણું ચાળણી ચાળણી થઈ ગયું છે
દૂઝણી વેળાઓ દોહવાતી નથી હવે
તે નજરુંનાં ઝેરે ઝેરે
ઘેરે ઘેરે ને નસે ને નાડીએ
વાડે વગડે તથા જંગલ ઝાડીએ
દવની જિહ્વા લપકારા લેતી ફરે છે
તાગે છે ઓળાઓ તળને
બોલે ને બાળે
ધગધગતું સીસું ઢાળે તે –
વેઠીને વેઠ્યું ના જાય ને
જીવીને જીત્યું ના જાય તે –
કયા ભવમાં અમે
તમારી ગાયો તરસી પાછી વાળેલી? હેં?
તે શાની શિક્ષા થાય છે, અમને... આમ?
શું કામ??
જવાબ આપો દેવ!!
બોલતા કેમ નથી??
મોંમાં મગ ભર્યા છે??
મેં તો કાયમ વાટ જોઈ છે –
તમારા જવાબની વાટ
કાયમ...!

❖

તા. ૧૭.૦૭.૨૦૧૧/૨૪.૦૭.૨૦૧૧



## નદી

એવું નથી કે નદી કેવળ
નક્ષત્રલોકમાં વહે છે
નદી ઊતરે છે પ્હાડોમાં
જંગલ-ઝાડોમાં, જટામાં
જળપરી થઈને વિહરવા
વણખૂંદ્યા ખોળે ખેલવા
નદી ઊતરે છે ઊંડાણોમાં
વનમાં જન-મનમાં વ્હેતી
ઝમઝમ ઝમે ઝીણું ઝીણું
અબોટ ખીણોમાં કુંવારકા નદી
રૂપાનાં ઝાંઝર જેવી
રજતવર્ણી આકાશગંગા જાણે
ભેખડો પરથી ભૂસકા મારે
પૃથ્વીના પડતર પ્રદેશોમાં
વેદનાને વ્હાલ કરતી
નદી વહે છે તીણી કસક લઈને
એકલી એકાંત થઈને
રગેરગમાં રહેતી
આદિમતાની વાત કહેતી
નિર્દોષ નદી કોશેકોશમાં
જાગતી રહે છે જન્મારો
પિતૃગૃહે –
કદી પાછી ફરતી નથી નદી...

સદી પછી સદી સૌન્દર્યવતી
કાળની વાતોમાં વહી જતી રાતોમાં
સીમને સુવર્ણ સુવર્ણ કરી દેતી
નદી-તડકાની જમાતોમાં
પૃથ્વીના પથ્થરિયા ડૂમાને
દેવ બનાવવા સદા તત્પર તે –
આપણી ઉદાસ સાંજને
આરતીમાં પલટી દેવા
આવી પૂગે છે ગામના પાદરે
ગામને કેડ્ય ઉપર તેડી લેતી
કુંવારી માતા જાણે
કામણગારી તે કાયમ ચાહવા જેવી
અનહદની આર્દ્ર એંધાણીઓ લઈને
દીવાની જેમ પ્રગટે છે પાંપણે પાંપણે
ઝાકળનાં જળ થઈને
સવારે સાંજરે વારેવારે નદી
ઊતરે છેક પાતાળે
ચઢે તરુવરની ડાળે ડાળે...

ઢાળ ભાળી ઢળતી
મૂળથી ભોળી તે ભૂલથી
જઈ ચઢી શહેરમાં સહેલવા
ને નખરાંખોર શહેર તો નકટું
નિર્દય ને નિષ્ઠુર નિર્વસ્ત્ર
કાળવું ભૂખાળવું
ન્હોર મારે બીકાળવું
ઉઝરડે છાતી ઝેરી ગોબરાં જળ
કયા જનમનાં વેરી ગંધાતાં...



લીરેલીરા કરે ઊતરડે મરડે
અંગાંગને પ્રજાળે બાળે તરડે
બળતી તિરાડો ગળી જાય નદી
બેબાકળી બાવરી ભડભડ
બળી જાય નદી
સદી પછી સદી
તરસી ને તરસી
એ જ નદી...

❖

તા. ૧૩.૧૨.૨૦૧૪/૦૧.૦૧.૨૦૧૫
વલ્લભવિદ્યાનગર, સવાર

# ખેતરો

એવું રખે માનતા કે –
ખેતરો કેવળ સીમમાં રહે છે
ખેતરો આવે છે વાડામાં, ખળામાં
ફળિયાં વીંધી પ્રવેશે છે પડસાળે-ઓરડે
કોઠારે, કોઠીએ ઓળખ તાજી કરતાં
ફરી વળે છે ઘરમાં, ઘટમાં ખેતરો
ખેતરો બોલે છે મન ખોલે છે
તગતગે છે આંખોમાં આખેઆખાં...

શાંત ને શાણાં દેખાતાં મોસમી –
ખેતરો માથું ઊંચકે છે
જંગે ચડે છે આકાશે અડે છે
પવન કહે તો માની જાય છે પળમાં
આંબા મહુડાના છાંયડા પી પીને
માટીની મોજ ગાય છે ખેતરો
આકરી બપોરના
બેપનાહ તડકા માટે
ખોળો પાથરતાં ખેતરો
ઉદાસ સાંજને લઈ લે છે આગોશમાં...

પ્રવાસમાં માઈલો સુધી
હાથ ફેલાવી બોલાવતાં, કુંવારી –
સગર્ભા નારીના નમણા ચહેરા જેવાં
કાચી તૂરી સુગંધભર્યાં ખેતરો
ધુમ્મસનું મલમલ ઓઢી
ચાંદની થઈને તમારા
ઘરની બારી સુધી આવી જાય છે



તમે સૂંઘ્યાં છે કદી ખેતરોને
ખરેખરી ખાતરીપૂર્વક હેતથી?!
કેવાં તો એકલવાયાં હોય છે એ...
ક્યારેક રઘવાટમાં કે ભૂલથી
શહેરની ભૂખાળવી સરહદ સુધી
આવતાં તો આવી જાય છે –
આ ભલાં ભોળાં માવતર ખેતરો
મકાઈને બદલે મકાનો ઊગતાં જોઈને
હબકી જાય છે બિચારાં બાપડાં
સિમેન્ટના સકંજામાંથી છૂટવા –
પાછાં વળવા વલવલતાં સિસકતાં
ધધકતાં ખેતરો
કદીય માફ નથી કરવાનાં આપણને
ફ્લેટમાં કેદ થઈ ગયેલાં આપણાં ખેતરો...

❖

૨૯/૩૦.૦૭.૨૦૧૪,
રમજાન ઈદ-૨૦૭૦

## આપણે...

રોકી શકાતા નથી કઠોર દિવસો
ને ઓળખી શકાતી નથી નિષ્ઠુર રાત્રિઓ
આપણે ટેરવે કૂંપળ ફૂટાડી શકતા નથી આપણે
આપણે નથી પેટાવી શકતા કોડિયું આપણું
સ્વયં પ્રકાશિત આગિયા ઘડીક નક્ષત્રોને પડકારે છે
તણખલું ટટ્ટાર રહી શકે એટલી વાર પણ
આપણે તટસ્થ રહી શકતા નથી
કશું શીખતા નથી આપણે વૃક્ષો પાસેથી
ઝરણું ગાય છે ત્યારે ઊઘડતાં
ઘાસનાં ફૂલો તલ્લીન થઈને ડોલે છે
અંકુર ફૂટે છે ત્યારે પંખીઓ ટહુકે છે
સ્પર્શતાં વેંત પથ્થર ઇતિહાસ ખોલે છે
રંગ સુગંધ સ્વાદ વડે પ્રકૃતિ
સતત અભિવ્યક્ત થાય છે...
ને
આપણને હજી માટી ઉકેલતાં નથી આવડતું
અરે, ભાઈ!
જે છે તે માટીમાં છે –
માંહ્યલી માટીમાં...

❖



## શલ્ય

એ સાચું છે કે –
આપણી હથેળીથી જ શરૂ થાય છે આકાશ
તો એ પણ સત્ય છે કે –
આપણી ત્વચાની સરહદે જ
સમાપ્ત થાય છે આપણું અસ્તિત્વ
આ બીકાળવા દિવસો ને કાળવી રાતો
ભ્રાન્તિઓની ભાતો
આપણે ઓળખી શકતા નથી નભનો નાતો...

આપણો જન્મ આપણી પસંદગી નથી
ને નહિ હોય મૃત્યુ પણ ઇચ્છામૃત્યુ!
આ પવનો જ પજવે છે પીડા થૈ થૈ ને...
રસ્તાઓ કાઢવામાં ને દોડતા રહેવામાં જ
હાંફી ગઈ છે વસ્તી ને તો ય હસવું પડે છે હંમેશાં
હોવાપણાની શૂળ વાગે છે ભણકારાની જેમ
ને લોહીલુહાણ કરે છે કાળકારસાની ભાષાઓ...

પોલા ને પોચા, ભલા ને ભારાડી છીએ આપણે
વળી ભણતરે ભણેલા ભરતીઓટ, તે ઠોઠ આપણે
જાત ને જંતુને જાણવાથી બચવા મથતા આપણે
રોજ નીકળી જઈએ અસલથી દૂર ને દૂર
સાંજ પડે ગુફામાં પરત ફરીએ છીએ –
પડછાયા વિનાના ભદ્ર-સંસ્કારી!
તૂટીને ય છૂટી શકતા નથી આપણે આપણાથી
નિર્ભ્રાન્ત થઈને ય નાસી શકતા નથી
નિષ્ઠુર સમયની જાળમાં ઊભેલા આપણે...

❖

# મરણ તરફ

હાથમાંથી વાસણ પડી જાય એમ
આ જીવતર પણ પડી તો નહી જાય – ?
એવી બીક લાગે છે...
પળોજણોને પાળવાની ક્યાં સુધી?
આપણા વડે એમાંથી કોઈ નવી પૃથ્વી તો
જન્મી શકવાની નથી!
કંથેરના જાળામાં આકાશ ઈંડાં મૂકશે, તોય
પવન પાંખો આપીને ઉરાડી જશે પોતાની સાથે...

ભર્યાં ફળિયામાં જીવતર અવાવરું અને પડતર;
ઘડતર ઘરેડ બની રુંધતું રહ્યું નવતર નાદને
ઓરડે ઓરડે અંધારાની રમત ચાલે છે
ચારેબાજુ કોઈ ચોકી કરે છે આપણી
નખશિખ નિર્જનતા ઘેરી વળે છે ત્યારેય
કોઈ ફર્યા કરે છે અંદર ને વળી અરવ...

બહુ દૂર નથી જવાનું આમ તો
ધૂળથી મૂળ સુધી ને
કૂંપળથી કળી સુધી
અંકુરથી સુક્કી સળી સુધીની આ યાત્રા
કાતરા કાપી ખાય છે નિત્ય ને નીરવ
શેરીના છેલ્લા ઝાડ પર ઘડીક
સૂનમૂન બેસીને તકડો ઊડી જાય છે
પછી પાંખો વીંઝતું કાળું કાળું પ્હાડ જેવું પંખી
પાસે ને પાસે બહુ પાસે – ચોપાસે...
બીકમાં ને બીકમાં
હાથમાંથી જમવાની થાળી છૂટી જાય છે
બા બૂમ પાડી ઊઠે છે, ને –
દીવો રામ થઈ જાય છે...



# ઉપેક્ષા

બળ્યાં ઝળ્યાં ઝાડવાં કશુંય બોલ્યાં નહીં
કપાઈ ગયેલાં ખેતરોએ મુખ ફેરવી લીધું
સુક્કા શેઢાઓ જાળ નાખીને બેસી રહ્યા
તીખાં તીણાં તણખલાં
ઘડીક તલવાર તાણીને ટટ્ટાર થયાં
દાંત કચકચાવતા તોતિંગ તડકાઓ
અવળી પૂંઠે ઊભા રહ્યા – આઘા આઘા
કંથેર કાંટાળી વાડ વાગે એટલી વેગળી રહી
નકરા પડતરમાં ઊગેલા નફકરા આવળ
એય અજાણ્યા થઈ આડું જોઈ રહ્યા
તણખતી તગતગ થતી તરસી વેળાઓ
અડચે અભડાતી હોય એમ છેટી રહી
આક્રમક અંધારાને આંતરી, જંપી ગયેલાં
આળસુ એદી નેળિયાં જાગ્યાં નહીં
હિજરાતો હવડ કૂવો પણ મૂંગો રહ્યો
ખાલીખમ સુગરીમાળા પણ સૂના મૂંગામંતર
આકળા બેબાકળા બનીને મેં જોયું મારી અંદર
તો ત્યાં હું પણ ન્હોતો
મેં પૂછ્યુંઃ હું ક્યાં છું?
પણ કશેથી કોઈ બોલ્યું જ નહિ...

❖

# કીડી

કીડી મને ગમે છે
કીડી કાનૂન ઘડતી નથી
કીડી કોઈ કાયદો પાળતી નથી
ફાયદો મેળવવા
કીડી કોઈને પંપાળતી નથી;
શિસ્ત તો કોઈ એની પાસેથી શીખે...
ખાંડની બોરી મળે તોય
કીડી કણથી રાજી રહે છે
મણ સંઘરતી નથી કીડી
ક્ષણક્ષણમાં જીવે છે કીડી
કીડી કોઈને વાટ પૂછતી નથી.
બીજી કીડી મળે ત્યારે
ખબર પૂછે છે કીડી
કીડી ધીરજ ધરે છે
બારમો/બાસઠમો માળ ચડે છે
મહેલની ટોચે તડકો ખાય છે
કીડી રાજાથીય ડરતી નથી
ચડઊતર જાણે છે કીડી
વરુણદેવ એની પરીક્ષા લે છે
કીડી તરણું લઈને તરી જાય છે
હો હો કર્યા વગર –
શાંતિપૂર્વક મરી જાય છે કીડી
આવતે ભવે
મારે કીડી થવું છે
કીડી બહુ, બહુ ગમે છે મને.

❖

તા. ૦૩.૦૮.૨૦૧૩



# માટી અને મેઘ

માટી અને મેઘનાં મન મળી ગયાં છે
આ તડકો અને ઘાસ એવાં તો ભળી ગયાં છે –
કે નોખાં પાડી શકાતાં નથી પરસ્પરને
કઈ સોનાસળી ને કઈ કિરણસળી...!
હળી ગઈ છે હવાઓ મોસમી પવનો સાથે
તે ઘાસમાં ઘૂમરીઓ ખાય છે આકાશ!
પૃથ્વી સ્પંદિત થઈ ઊઠી છે આજે...
દરજીડો પાન સીવીને માળો રચે છે
રતુંબડો રાગ છલકાય છે કૂંપળે કૂંપળે
કાબરી ગાયે પાસો મૂક્યો હોય એમ –
આભલું વરસે છે... ધરતી તેજ તેજ છે...
સીતાફળીની ડાળે ડાળે સારા દ્હાડા બેઠા છે!
અરે! આ તો ધૂપ-છાંવ કે અલખની પ્રીતિ?
આ તરુઘટાઓ છે કે મેઘમાટીની અભિવ્યક્તિ રીતિ?!
ખેતરે ખેતરે ઝાંઝરી ને –
ઋતુની ખંજરી વાગે છે દિવસરાત...
કાંટાળી વાડે વાડે ફૂલોવાળી વેલ ચઢી છે –
હવે, કવિતા લખવાની જરૂર જ ક્યાં છે? –
મેઘ અને માટીનાં મન મળી ગયાં છે...

❖

## અસલની એંધાણી

પ્હાડો ઊતરતો ચઢતો
વનો વીંધતો આવે છે વરસાદ
અનહદની એંધાણી લઈને
પૃથ્વીને પ્રાણવંતી કરવા...
આ ફરફરતી વાછંટો ને ઝરમરતી ફુહારો
અમે ઘરને માથે માટી પાથરી –
છત પર ઘાસ ઉગાડ્યું છે
માટી ખસેડી અંકુર માથું ઊંચકે છે ચાસે ચાસે...
અમારા આંગણામાં
આકાશનું પંખી રમવા આવે છે રોજે રોજ
ને તડકાઓ અંદરના ઓરડેય ફરતા રહે છે
કદીક નેવાંનું સંગીત રાતભર રેલાય...
પવન ભરે છે પ્હેરો –
પાદરથી પ્હાડો સુધી
વૃક્ષોને અમે સંગાવ્હાલાંનાં
નામે ઓળખીએ-મળીએ છીએ...
ઋતુઓ અને હવાઓ હંમેશાં
હાથ મેળવીને ખબર પૂછે છે અમારી
કેડીઓએ તોડી નાખી છે પગની બેડીઓ...
અમે હવે અમારાં વનવાસી વ્હાલાં
પૂર્વજોની જેમ આઝાદ છીએ
ગોકળગાયના વાડામાં...

❖



## વ્હાલનું વૃક્ષ

વૃક્ષોને વ્હાલ કરવાનો વખત લઈને
આવ્યો છું વનોમાં
જનોથી દૂર આ ઉપવનોમાં
વાતા અસલ પવનોમાં
હમણાં જ ઉરાડી મૂક્યું છે મેં મારું આયખું –
તે ઓ જાય ઊડતું દૂર દૂર ચૂર ચૂર...
આ લીલાંકાચ કાસારવારિ –સુખાકારી
ને મસ્તક ચૂમતું શુભ્ર સુહતું નીલાકાશ
માટીની અસલ ગંધ ગણગણતી હવાઓ
ને તડકાની કરકરી કામળી
પાંદડે પાંદડે પીત પામરી પથરાઈ...
હોવાપણું આટલું હળવુંફૂલ ક્યારેય નહોતું!
આ હેરતાં ઘેરતાં તરુવરો
ને ટગટગ તાકતી મસ્તીખોર ઘટાઓ, એમની –
ડાળેડાળની મદીર છટાઓ મને
કૂંપળમાંથી કળી બનાવી દે છે
અરે! આ સ્પંદન... આ સંવેદન... પવન મન
હવે તો મારે બસ ફરફરવાનું ફુહારોમાં
પમરવાનું પ્રસરવાનું ક્ષણક્ષણમાં
કણકણમાં મળી જવાનું
ભળી જવાનું ભોંયમાં – ને
પુનઃ વૃક્ષ બની જવાનું –
વ્હાલનું વૃક્ષ!

❖

## વર્ષાવિરહિણી

આભ વરસતું નવલખ ધારે ધારે
દેશાવરમાં દૂર પ્રવાસી ક્રૂર
મિતવા મળવા આ જા આ... રે
વૃક્ષપાંદડાં નતમસ્તક થૈ
નીતરે વારે વારે મિતવા આ રે...
વાછંટોની શીત ફુહારો બાળે
બળબળતા અંગે અંગારે
મિતવા મળવા આ રે...
તા તા થૈ થૈ તા તા થૈ થૈ
કોણ થાય છે ભીતર મારે
રોમ રોમ પર ચળક ચળક છે
જળબુન્દોની તરસી વેળા જ્યારે
વીજળી પીડે પજવે વારે વારે
નિર્દય મિતવા આ રે આ રે આ રે
આભ વરસતું નવલખ ધારે ધારે...

❖

તા. ૧૩.૦૬.૨૦૧૩
ક્લીવલેન્ડ, યુ.એસ.એ.



## તું: કવિતા

આંબે મંજરી આવે એમ
તું આવે છે હોઠ સુધી
પાતાળો વીંધીને...
કૂંપળે કૂંપળે લીલાશ
આંખોમાં ભીનાશ
તું હણહણતી ઋતુ
રણઝણતી મહેક
રોમેરોમે તું
ઊઘડે તડકો થઈને
હવાઓ રમણે ચઢે
કાંટાળા થૉરને
વેલ વીંટળાઈ વળે
તીતીઘોડા જોડું બનાવે
ઊંડે ધરબાયેલી ગાંઠને
પાછો અંકુર ફૂટે
ખેડેલા ખેતરની
કંસાર જેવી માટીમાં
પિયતનાં પાણી પ્રવેશે
એમ તું પ્રવેશે છે કણેકણમાં
હવે ચાસે ચાસે લહેર ઊઠશે
તું મૉલ થઈને
લચી પડશે ખેતરમાં –
મારામાં...!

❖

તા. ૧૪.૦૨.૨૦૧૬
રવિ: વહેલી સવાર

## મારે તો

મારે તો માટી થવું હતું
બીજ બનીને ઊગવું હતું
મ્હોરીને મ્હેકવું હતું
ખેતરમાં મૉલ બનીને
શીખવું હતું સહન કરતાં –
વૃક્ષ થઈને, ભણવી હતી ઋતુઓ...

પહાડોવનો કોતર કરાડો
ખૂંદવા હતાં ઝરણું થઈને
ગાવું હતું પ્રેમનું ગીત –
પંખી થઈને, – આંબવું હતું આકાશ...

કૂંપળ કળી ને પુષ્પ થવું હતું
સુગંધિત પવન થઈને
પહોંચવું હતું નક્ષત્રલોકમાં
વર્ષા બનીને વરસવું હતું
તરસી તરડાયેલી ધરતી પર
મ્હેક થઈને મટી જવું હતું ઘડીક...

જરીક જંપી જવું હતું
પતંગિયું થઈને પુષ્પની ગોદમાં...
ને તેં મને માણસ બનાવ્યો?!
અરે અરે... મને પૂરેપૂરું –
ચાહતાં ય ક્યાં આવડે છે હજી...?!

❖

તા. ૦૧.૦૬.૨૦૧૬ (સવારે ૫.૦૦)



## તું...

તું જ તો છે માટીમાં
ને વૃક્ષોમાં પણ તું જ...
તું અવનિ અને આકાશની
ભૂરી ભૂરી આશા...
માટીમાં મહેક ને વૃક્ષોમાં સ્વાદ
પાંદડે પાંદડે તારા જ તો રંગો છે
ને પત્તી પત્તીએ સુગંધ...
તું જાણે છે –
રાગ અને આગ એક જ તો છે...

ઋતુઓ તને જોઈને વસ્ત્રો બદલે છે
પવન ભણે તારી પાસે સુવાસના પાઠ
તડકો શીખે રંગો ઘૂંટતા તારી કને
તારી ઓથે અંધારું રચે રૂપ-આકારો
સવાર તારાથી જ છે ભીની ભીની
ને તને અડીને સમય કોમળ કોમળ...

વસંત પંચમી પહેલાં જ
આંબે આંબે
મંજરી થઈને લચી પડે છે તું
પૃથ્વી થોડે ઊંચે ઊંચકાઈ છે
ને આકાશ ખાસ્સું નીચે ઊતર્યું છે
હું આટલો સમૃદ્ધ ને પ્રસન્ન
ન્હોતો કદીય
અવનિ અને આકાશ વચ્ચે...

❖

તા. ૦૨.૦૨.૨૦૧૬

## તમને ગમે તો

મારી પાસે તો ફક્ત
આંસુથી ભીંજાયેલા સ્મિતની
કવિતા છે થોડીકઃ
મોકલી શકું તમને એ ગમે તો...

કૂંપળોની અબોટ હથેળીઓમાં
ઝાકળનાં નક્ષત્રો ઝીલીને, ઊભી છે –
ભોળી ભરવાડણ જેવી સવાર!
ઉતાવળા કેસૂડે ઊઘડી છે આગ
રાગ આંજેલી રતિપતિની મદીર –
આંખો કહો તો મોકલી આપું...

ઉછરતા આંબાવાડિયાની
પ્રત્યેક પળને પીળી-રતુંબડી
મંજરી બેઠી છે પહેલવારકી
માલિકની ગેરહાજરીનો ગેરલાભ લઈને
તડકો એની સાથે અડપલાં કરે છે
કાચી તૂરી ઈરમી હવાઓ
વરણાગી સીમ સાથે સંવનન કરે છે
વાયરે ચઢેલા રેશમી ઘાસનો
રોમાંચ મોકલાવું તમને...?

ધુમ્મસ છાઈ સીમમાં વિચરે છે સારસ
મારા ગામની સીમનાં તરસ્યાં ખેતર
મૉલ થવાની આશા લઈને
ઊગી નીકળ્યાં છે મારી બળબળતી છાતીમાં
એના કુંવારા અંકુરોની અબોટ મહેક



તમને મોકલી શકું તો –
તમે તૈયાર છો – ?
સીમ થવા?
વૃક્ષ થવા?
અજાણ્યા પંખીનું ગીત
સાંભળવા સદ્ભાગ્ય જોઈએ
એ ય મોકલું –
તમને ગમે તો...

❖

તા. ૦૧.૦૨.૨૦૧૬

## અમેરિકાનાં પાનખર વૃક્ષોને –

સલામ!
અમેરિકાનાં  પાનખરવૃક્ષો,
તમને સલામ!
આમ અસલથી ઊભેલાં જોયાં છે
તમને ધીરગંભીર ઠરેલ
સદીઓથી સંસ્કૃતિ સાચવતાં શિષ્ટ પ્રશિષ્ટ!
પહાડો ખીણો વનો ઉપવનો મેદાનોમાં
મદમસ્ત જોયાં છે તમને લીલાશ છાંટતાં...
પણ રંગે રાતાં માતાં તે
રંગેચંગે જંગે ચડતાં તો
આજે જ જોયાં જંગલોમાં ઝળહળતાં
રંગદર્શી છટાઓથી છટપટાતાં, તે –
કત્લેઆમ કરતાં ક્યાંથી શીખ્યાં છો?
અમેરિકાનાં પાનખર-વૃક્ષો, સલામ!
સરેઆમ લીલી કટોરીઓમાં
ભરી ભરી પીધેલા હજારો સૂરજ
સળગી ઊઠ્યા છે એક સામટા આજે –
તમારામાં પ્રગટ્યો છે રંગ લીલાનો વિભાવ
કહો કે લીલાની રંગ લીલાનો સ્વભાવ;
પૃથ્વીનો એક માત્ર રંગ લીલો, તે –
આમ અચાનક આજે આ
દઝાડતા – ઠારતા – બળબળતું બ્હેકાવતા
રંગમેળાઓ આગ અને રાગના
અમારી આંખે ઝિલાય તો છે
પણ સમાતા નથી એ રાતામાતા રંગો
ભાષાના પાત્રમાં... હે પાનખરના સાથીઓ!
પાંદડે પાંદડે વિશેષણો તો ક્યાંથી લાવું?!



અવનિના ખોળામાં અગ્નિ થઈ
મ્હાલતી આ માયાને – તમારી કાયાને
અચંબિત આભ જોયા કરે છે... ને હુંય!
આ મારકણો મરુન ને મસ્તીખોર લાલ
જાંબલી ભાલાઓના પરપલ પ્રહારો
ધોવાઈને ઊજળો થયેલો કથ્થાઈ – કિરમજી
ને સંતાતો ફરતો રાખોડી ભૂરો ને નારંગી
રાતી-પીળી છટાઓ છાકટી થઈ ફરે...
સૂની શેરીમાં કેસરી સવાર તરે છે
આ શુદ્ધ સુવર્ણ શો તડકો ટાઢો હિમ
રંગોની અંગીઠીમાં અંગો શેકવા
ફરી વળે છે ઝાડવે ઝાડવે...
ને પેલા પહાડો પરથી રાતી પીળી
ખીણોમાં ખાબકતી રંગછટાઓ
રાજસ્થાનમાં જૌહર કરતી
રજપૂતાણીઓ છે કે શું?
હે પાનખરનાં વૃક્ષો!
તમે તો ક્યાંથી ઓળખો એમને?
એ મરી જાણતી હતી એમ ગર્વથી
ગૌરવથી કેસરિયાં કરતા પતિની જેમ...
ઋતુના રંગો પ્હેરતાં પ્હેરતાં
પવનમાં લ્હેરાતાં લ્હેરતાં ખુમારીથી
ખરી જવાનું આવડે છે તમને ય...
ઝિંદાદિલી તો કોઈ તમારી પાસેથી શીખે...
સલામ! હે પાનખર વૃક્ષો... અલવિદા...

❖

તા. ૦૬.૧૦.૨૦૧૫, U.S.A. સવારે

## અલવિદા! અમેરિકાનાં વૃક્ષો...

આવજો... વ્હાલાં!
અલવિદા! અમેરિકાનાં વૃક્ષો...
તમેય મને ગમતાં છો – ઓક, મેપલ ને પાઇન!
આમ તમને છોડી જવાનું ગમતું તો નથી,
પણ, ત્યાં મારાં વતનગામમાં, માતાના –
ડુંગર માથે કેસરિયાં કરતો ફાગણિયો
પૂર્વજ કેસૂડો હાક મારે છે. સાંભળો છો તમે?!
આગની આંચ મને બાવરું બાવરું બોલાવે છે
એ શીમળા તો તમે ક્યાંથી જોયા હોય?
ભીંતે કંકુથાપા દેતી કન્યાની હિંગળોક
કંકુ હથેળીઓ જેવાં એનાં ફૂલો હઠીલાં
મને અજંપ કરી મૂકે છે... આટલે દૂર!
ને મુંબઈ ઍરપૉર્ટના રન-વેના છેડા સુધી
મને વળાવવા આવેલા ગુલમોર-ગરમાળા:
– અમે એકબીજાને મળીએ ત્યારે જ મ્હોરીએ છીએ...
જાણું છું સુગંધો તમારાથી છેટી રહે છે
અમારા મ્હોરેલા આંબાની છટા અને ઘટા
એની મંજરીની માદક મ્હેક તમે જરાક
સૂંઘો તો તમને માટીમાં મળી જવાનું મન થાય...
થાય કે નિર્ગંધ અવતાર તો ધૂળ છે...!
અમે તો કડવો લીમડો ઘોળનારા ને
ખાટી આમલી ખાનારા ખાનાબદોશ છીએ
રંગો ને ફૂલો તો તમારાં ય સુંદર છે
ચૅરીબ્લોઝમ મને ય આકર્ષે છે પણ
મૂળમાટીએ આપેલી ને રોમેરોમે
દીવા પ્રગટાવતી સુગંધો તો
અમારા કેવડિયા – નાગચંપા – કૈલાસપતિમાં છે



ચૈત્રમાં ખીલેલા આંકલાની આક્રમક ગંધ
ભાલા લઈને રસ્તો રોકે છે
મ્હોરેલી અરણીઓ ચૈત્રી રાત્રિને જ નહિ
કવિની કવિતાને ય મઘમઘતી કરી દે છે
પારિજાત વનોને ય મ્હેકાવે છે – સ્વર્ગમાં!
બ્હેકાવે છે બાવરી નારને મધુકુન્દિકા...!
ને જંગલોને ગાંડા કરતો મહુડો અહીં ક્યાં છે?
અમારું કદમ્બ સાદ પાડે છે મને સદીઓથી...
રજા આપો, અમેરિકાનાં વ્હાલાં વૃક્ષો...
અલવિદા! આવજો...

❖

તા. ૦૭.૧૦.૨૦૧૫, U.S.A.

## કોણ છે એ...?

એ કોણ છે જે એનું જ ધાર્યું કરે છે?
મારામાં રહીને મને જ અજંપ કરે છે!
બારેમાસ બાવનની બહાર ને અંદર નિર્દય ને નીરવ
જાળ નાખીને બેસી રહે છે મારામાં મને પકડવા!
મક્કમ રહીને માથું ખાય છે છાનુંછપનું પૂછી પૂછીને કે
તું કોણ છે ને શા માટે છે? મસ્તીખોર –
શક્કરખોર છે કે શકોરું?
રોજેરોજ કઠોરતા સાથે ઘસી ઘસીને
મને ધાર કાઢે છે પણ વાર કરતાં વારે છે
એ કોણ છે? જે ઊભો રહે છે મારામાં –
ને મને ઊઠબેસ કરાવે છે કાયમ
જે દોડતો નથી પણ દોડાવીને દમ કાઢે છે
ગમ પડવા દેતો નથી ગડની ને
ઓળખ આપતો નથી જડના જડની...
મૂળમાં ધૂળમાં કૂળમાં રગદોળે છે ને રાચે છે
ક કરવતથી કાપે છે ને મ મરજીથી માપે છે
કળથી કેળવે છે પળેપળ પ્રજાળે છે બાળે છે
ભૂખ શીખવાડી ભમતો રાખે છે પછાડા નાખે છે
મોટો કરીને શાપે છે ને એ ય પછી
નિરાંતે તાપે છે તાપણું કરીને મારામાં સતત
કોણ છે એ જે બધું જ ધૂળમાંથી મેળવે છે
ને ધૂળમાં મેળવે છે બધું જ –
કોણ છે એ કાના માતર વગરનો
મારામાં – તમારામાં – તેનામાં – તેઓમાં
કોણ છે એ જે –

❖

તા. ૧૭.૦૫.૨૦૧૨, સવાર
વલ્લભવિદ્યાનગર



## આમ જ, ચાલ્યો જઈશ...

બસ, આમ જ અમસ્થાં ઊંચમૂચ
ચાલ્યો જઈશ થડ મૂકીને મૂળના
અજાણ્યા અગોચર માર્ગે
કાગળ અને કલમ મૂકીને...
ટટ્ટાર, પણ બહુ ગમતા
આ પાસેના અને પેલા દૂરના
વાદળી આકાશને ઝૂકીને જરાક...

કઠોર અલખને
અંદરના ઉદાસી મલકને
આ વાહિયાત ફલકને
કરીને સલામ છેવટની
કહીને ઇતિ અલમ્
ચાલ્યો જઈશ મૂકીને કાગળ અને કલમ.

ચાલ્યો જઈશ
પરભારો પાંસરો સોંસરો પવનની જેમ
પવનવનમાં શ્વાસની પેલે પાર
હવે અટકવાનો નથી આ વાર
આરપાર જીવીને જોઈ લીધું છે કે
કૂંપળ અને કળીની વચ્ચે
રાહમાં રાહત જેવું કશું નથી
બોલીને બાંધે છે ભાષા
સંબંધો રુંધે છે રાતદિવસ
મોકળાશના માર્ગો જ ક્યાં છે અહીં?!
પાંદડે પાંદડે રંગો
પુષ્પોમાં સુવાસ ને

ફળોમાં સ્વાદ થઈ –
પ્રગટવાના એના
નિ:ચિહ્ન પથની
આછી એંધાણીએ એંધાણીએ
ચાલ્યો જઈશ
ચૌદશથી અમાસના માર્ગે
પાછો ચાલ્યો જઈશ
માટીના મૂળમાં... ધૂળમાં
બસ, આમ જ અમસ્થો ઊચમૂચ...

❖

તા. ૧૩.૦૬.૨૦૧૨, સવાર



## હું પાછો આવીશ...

હું પાછો આવીશ –
દંતકથા જેવા આ મારા ગામમાં...
કોથળિયા ડુંગર પર
લાખા વણજારાનો ખજાનો દટાયેલો છે હજીય
એ ચરુના રણકાર રાતદિવસ સંભળાય છે સતત...
ને મારી મહીસાગરમાના ઊંડા ધરામાં
વસે છે મણિધર ફણિધર નાગ, મણિ લઈને –
હજી ય તે રાતે ચરવા નીકળે છે બ્હાર
જોજનો જોજનો ફેલાતાં એનાં અજવાળાં
એ અજવાળાની ધારે ધારે વહ્યો આવીશ પાછો...
પેલી આથમણી ટેકરીઓના ઢોળાવે ઢાળે
ટીમરુનાં ઝાડ ઝૂલે છે, ને –
એનાં પાનમાં વાળેલી બીડીઓ પીવાય છે હજી
હું એ બીડીઓની સુવાસ લેવા પાછો આવીશ...
કોતર ધારે બાવળ ડાળે ઝૂલતા સુગરી માળે ઝૂલવા –
જલદી પાછો આવીશ!

પ્હેલા વરસાદે ફોરી ઊઠતી
માટીની આદિમ મ્હેક લેવા
કંકુવર્ણી મખમલી ઇન્દ્રગોપ થઈને
ખેતરે ખેતરે વરસી પડીશ...
ગોકળ ગાયનું રૂપ ધરીને
પેલી રાતીપીળી ટેકરીઓના
લીલેરા ઢાળ ચઢવા ઉતરવા
હું પાછો આવીશ પાલ્લા ગામમાં...!
નદી કિનારે છાનુંછપનું ન્હાતી –
વયમાં આવેલી બેનદીકરીઓની લજ્જા અને

કૂવા કાંઠે પાણી ભરતી વહુવારુઓની મજાક –
જોવા સાંભળવા ને સૂંઘવા-ચાખવા હું પાછો આવીશ...
ચાસેચાસે લ્હેરાતા માટીના શ્વાસ
શેઢે શેઢે કલગી ઝુલાવતું લાંબડું ઘાસ
ને ચામર ચળકાવતાં કાશ...
મકાઈના ખેતરમાં વાગતી પવનખંજરી
ડૂંડે ડૂંડે ડોલતી બાજરી... જોબનની હાજરી
સુગંધ રણકાવતી ડાંગરની સોન-કંટીઓના
ઉલ્લાસે ઓળઘોળ સીમને મળવા
હું પાછો આવીશ –
ખળામાં હાલરું હાંકવા... મોસમ ઉપણવા
કૂવામાં કબૂતર ને તાર પર હોલો થૈ બેસવા
તરસ્યાં તેતર છાતીમાં લઈને
હું આવીશ... ચાસ ને કલકલિયો થઈને!
કાળે ઉનાળે ય નહીં સૂકાતો
ચીડો થઈને હું –
ઊગી નીકળીશ ખેતરે ખેતરે...

---

(ચીડોઃ કદી નહીં સૂકાતું, ગાંઠમાંથી ફૂટતું રહેતું ફાંકડું ઘાસ)

❖

તા. ૧૭/૧૮/૧૯.૦૭.૨૦૧૧



## ઉન્માદ

પ્રાચિનાં દ્વાર ખૂલી ગયાં છે અચાનક આજે
સૂરજના સાતે ય અશ્વો હણહણી ઊઠ્યા છે
છલક છલક સીમ ઊંચકાઈ આવી છે મારી આંખોમાં
કૂણો કૂણો તડકો ચરતાં આ ચાંદનીઘડ્યાં સસલાં
મારામાં ઊછળે-કૂદે જળ કલકલતું
હું ઘાસના ઘરમાં હવે ઘાસ છું ને આ
ક્યારીમાં મહેક મહેક મારો મલક જાણે અલકમલક
લીલાંકાચ અજવાળામાં રમે ભૂરું ભૂરું આકાશ
ખસી ગયાં છે આડશ ને આવરણો આજે
વ્હાલની વેળા આવી પહોંચી છે...
પર્વતો પીગાળતી પળો ઘેરી વળી છે મને
મકાઈનાં ખેતરો મને તાકી તાકીને જુવે છે
વેળા પોતે જ વાંસળી થૈને વાગી રહી છે.
વૃક્ષોને પહોંચી ગયા છે મંજરીના વાવડ
ઝરમર ઝરમર ઝરમરતું ધુમ્મસ અડધો અડધો કરી દે મને
પાંદડે પાંદડે મર્મરતી પમરતી હવાઓ દ્રવે
સ્ત્રવે આકાશી રવઅરવ તરુવરે તરુવરે
પ્રસારે પમરે સુગન્ધો મૂળ અને માટીની
તડકો પગલી પાડે પાનેપાન રાનેરાન
અલખને આકારતું પંખી-ગાન
અરે! આજ તો કેડીઓ પણ તેડવા આવી છે ને કૈં!
વેળાને વ્હાલ કરવા સિવાય
કશું કોઈ જ કર્તવ્ય નથી મારું, આજે –
પ્રાચિનાં દ્વાર ખૂલી ગયાં છે...

❖

(એક સાદીસીધી કવિતા)

## કાશીરામ કાકાની વાત

કરમસદના કાશીરામકાકા કશે જતા નથી
એ ભલા ને ભલી એમની કેળ બાજરી
ખમતીધર ખોરડાના ધણીની ખેતીમાં
કણનું મણ થાય ને કાયા પરસેવે ન્હાય
હાથી મૂકો તો ય પાછો પડે એવી કેળ
તે લૂમો લેવા મુંબાઈનો મારવાડી આવે...

ટ્રેક્ટરનો જમાનો આવ્યો તે એય લાવ્યા
પણ હળબળદ ને ગાડુંઃ વાડામાં તૈયાર હોય
યંત્રોનું એવું તે ખરે ટાકડે બગડી બતાવે
ને વીજળી તો વારે વારે પિયર જાય, એટલે
પંપ બાપડા પાંગળા, છતે ડિઝલે ઓશિયાળા...

કાશીરામકાકા કહે છે કે –
"ઋતુઓ રાજાનીય રાહ નથી જોતી
ને ધરતીમાતા બીજ નથી ખોતી
બાકી જિન્દગી અને ધોતી ઘસાય... જર્જર થાય...
આ જુવોને પંડનાં છોકરાં પરદેશ ગયાં તે
જમીન થોડી પડતર રખાય છે, હેં!
માલિકે આપણી વેઠવા વાસ્તે વરણી કરી તે
આપણે જાતને સાવરણી કરી –
લીલાલ્હેર તે આ સ્તો વળી...!"

કાશીરામકાકાનો સંદીપ
સીમાને પરણીને સીડની ગયો
વિનોદ વિધિને પરણીને વેનકુંઅર જઈ વસ્યો



ને બીના બોરસદના બિપિનને પરણીને
બાલ્ટીમોરમાં, – હા બાબરી બાધા માટે બધાં
બે વર્ષે આવે, પણ –
બાજરીનું ખેતર તો બાધરને જ સાચવવાનું...!

કાશીરામકાકા તો કશે જતા નથી, પણ –
સરદાર પટેલનાં વતનવાસીઓ
શિકાગોમાં ઘણાં... કે ત્યાં ચરોતરની
ન્યાત મળી, આરતી અને પ્રસાદ પછી
નક્કી થયું કે વતનની સેવા કરીએ!
કાશીરામકાકાને તેડીએ ને સન્માન કરીએ...
કાકા મને કહે કે – "મનુ ભૈ ચાલો ત્યારે
તમે ય પેન્સિલવેનિયામાં
પરેશનાં પોતરાંને રમાડતા આવજો..."
મોટા હૉલમાં મેળાવડો થયો
એકેય થાંભલા વિના આભલા જેવી છત...
કાશીરામકાકાને આઈપેડ આપ્યું ને
ઘઉંની સાથે ચીલ પાણી પીવે તેમ
મનુભૈને આઈફોન અર્પણ કરીને
ન્યાત તો રાજી રાજી...
અરે, કાશીરામકાકાને કહોઃ 'બે શબ્દો બોલે...'
કાકાને થયું–ભલે ત્યારે! બોલ્યાઃ
"વ્હાલાં વતનવાસીઓ... ભગવાન ભલું કરજો!
આપણી ભૂમિ તે આપણી ભૂમિ! મોતી પાકે મોતી!
મેં નાપાડના નરસીને બોલાવીને નર્સરી સોંપી, તે –
બેપાંદડે થયો! ને એનો નીતિન
નર્સરીમાં રોપા ગણતાં ગણતાં
દાક્તરી કૉલેજમાં ગયો... બુદ્ધિ બુશના બાપની થોડી છે?!
પણ મૂળ વાત તો ભીતર ભોંયની છે, ભાઈઓ!
માલીપાનો ખાલીપો બઉ ખખડે હાં કે!

પ્રાર્થનાઓ કરીએ કે કૂતરાં પાળી બચીઓ ભરીએ–
–બધું જ ફાંફાં અને ફોતરાં છે–!
ભીતરની ભોમકા ફળવતી જળવતી બને તો ભયો ભયો
અમેરિકાએ આટલું શીખવાનું છે...
બાકી તો પરિશ્રમ જ પારસમણિ છે...
બહેનો ને બંધુઓ! સુખી થજો ને સુખી કરજો..."

દેશીઓ કાશીરામકાકાને કેટલું સમજ્યા
એની તો ખબર નથી પડી
પણ સીઆઈઆઈએ એ આ ટૂંકા પ્રવચન વિશે
લાંબો અભ્યાસ કરવા કમર કસી છે, ને –
કાશીરામકાકા કરમસદ આવી ગયા છે.

❖

તા. ૧૬.૦૬.૨૦૧૩
ક્લીવલેન્ડ (ઓહાયો, U.S.A.)



## ક્યાં ગયા એ લોકો?

મને ગમતા હતા એ લોકો, જે –
અજાણ્યા વટેમારગુંને
ઘરે તેડી લાવી જમાડતા
તડકો પ્હેરી ખેતરે જતા
સાંજે, વરસાદે પલળતા પાછા વળતા
જ્યાં જતા ત્યાં
મારુંતારું કર્યા વગર કામે વળગતા
વિધવાને ખળે ખેતર લાવી આપતા
વહુવારુને બેડું ચઢાવતાં
જરાક મલકાઈ છલકાઈ જતા
કન્યાદાન માટે કરકસર કરી બચત કરતા...
વગડાને વ્હાલ કરતા
વાડે વાડે કંકોડીના વેલા વાવતા
એમનો પરસેવો પવનમાં પમરતો
ખેતરોમાં મૉલ થઈ ઝુલે છે હજીય...

એ લોકો ગમતા હતા મને
જે ટેકરીઓમાં ગામ વસાવતા
સાપને સરકી જવા દેતા
ઉનાળાની ઊભી વાટે પરબ બંધાવતા
પગે ચાલી પરગામ જતા
નદી ઓળંગવા
પાણી ઉતરવાની વાટ જોતા
પાડોશીને ખાટલે નવું વાણ ભરી આપતા
ચાર ભજીયાં માટે જીવ બગાડતા
સીમમાં જતાં, લક્કડિયા માતાને
ગામની સુખાકારી માટે વિનવતા...

એ લોકો પડતી રાતે પડસાળે બેસી
મહાભારત સાંભળતાં, ભરી સભામાં –
ભીષ્મના મૌન સામે અકળાઈ જતા,
બીજે દિવસે ઘરના વાડામાં
પીઠ પર પૃથ્વી મૂકી અવતાર ગણવા
નીકળેલી ગોકળગાયને જોઈને શાંત થૈ જતા,
'છાણના દેવને કપાસિયાની આંખો જ શોભે' –
જેવી કહેવત ઘડતા
અમારી નિશાળની ચોપડી ઊંધી પકડી
ઉકેલવા મથતા અને પૂછતા –
આ ચોપડીને પાને પાને આટલાં બધાં
કીડીમંકોડા મરેલાં કેમ ચોંટાડ્યાં છે?
ભજનમાં કબીરની સાખી ગાતા
ક્યારેક પાદરના વડ નીચે ચૉરે
જાણે છે જ નહિ એમ બેસી રહેતા
એ લોકો, જેમને મેં
જાત અને ઝાડ સાથે
વાતો કરતા જોયા-સાંભળ્યા હતા...
શનિવારે એક ટાણું કરતા
કૂતરાને કટકો રોટલોને બિલાડીને
ઘીવાળો કોળિયો ભાત ખવડાવતા,
મેળે જતા ચગડોળે બેસી છેલ થતા
ને વળતાં પત્ની માટે
સાકરનું દેરુ ને બંગડી લાવતા,
બપોરે કૂવાકાંઠે પોતાનાં જોડી કપડાં
ધોઈ ને સૂકાવાની વાટ જોતાં જોતાં
પાદરના પાળિયા ને નવરાવીને
સિન્દુર ચઢાવતા...
ઝાયણીના દિવસે ઝાંપે જઈ અને –



ગામ આખાને ગળે મળતા –
મેં હજી હમણાં સુધી જોયા હતા
દરેક ગામમાં ને મારામાં ય – !
એમના ય વંશવારસો હતા...
હું શોધું છું એમને –
મને ગમતા હતા એ માણસો
ક્યાં ગૂમ થઈ ગયા એ...?
ક્યાં??

❖

તા. ૧૧.૧૦.૨૦૧૫, રવિવાર
ક્રિસ્ટલ લેઇક

## કાગળની હોડી
(એક કાવ્ય)

કાગળની હોડી લઈને
તને મળવા નીકળ્યો છું
અફવાઓ તો એવી છે કે
આપણી વચ્ચેના દરિયા તો રેતીના છે.

પ્રકૃતિએ જ મને પ્રેમ શીખવ્યો હતો
મૃગજળમાં જ મારા શબ્દોની હોડીઓ
હરણ બની બનીને મરણ-શરણ થઈ
તેં મને વસંત આપવાનું વચન આપેલું –
એ ક્યાં છે?
મને પાનખર તો આપ
જેથી હું ખરી શકું...

હું તરી શકું એટલાં આંસુઓ તો
મારે માટે કોણ વહાવે હવે?
હું જાણું છું કે –
પ્રવાહ બદલતી નદીને રોકી શકાતી નથી
ને તોષી શકાતી નથી તરસ લોહીની!
છતાં
કાગળની હોડી લઈને નીકળ્યો છું તને મળવા –
એ અફવા નથી
તું ડૂબાડી આપ મારી હોડીઓ
મારે તરતાં શીખવું છે.

❖

S.Y.B.A.માં મોડાસા કૉલેજ... ૧૯૭૦



## રસ્તાઓ – ૧

રસ્તાઓ કશે જતા નથી પોતે, પણ
તમને જવા દે છે રસ્તાઓ દૂર ને દૂર
પોતે તો રોકાઈ જાય છે જ્યાંના ત્યાં કાયમ
તમને રોકતા નથી કદીય
રસ્તાઓ રાલેગંજ ને ડેલહાઉઝી
રસ્તાઓ જેરુસલેમ ને જેસલમેર
ઠેરના ઠેર તે ઉદાસ એકલા સૂનમૂન
એમને ય ગમે છે પેલા માદક મારક
રૂપાળા રમ્ય ને કાતિલ વળાંકો...
જનારનો જવ ને દૂરનો પગરવ
એકલતા લલાટે લખાવીને લાવ્યા છે પોતે તો
એટલે દાઝના માર્યા દોડે છે ને –
પ્હાડ ચઢી ખીણોમાં ખોવાઈ જાય પાછા...
તમે રસ્તાઓની પીડાને જાણતા જ નથી –
તમારી આશા એષણાઓના રેલાઓ છે એ તો
વખતમાં વિસ્તરેલા વેલાઓ છે –
આ રસ્તાઓ પગ છે પગ
ને એજ તમારું જગ છે...જ...ગ...!

❖

## રસ્તાઓ – ૨

બાહુઓ ફેલાવી બાથ ભરતા મિત્રો જેવા
આ રસ્તાઓ ગમે છે મને
પાકા રસ્તાઓ વધારે પાક્કા હોય છે
આપણને ડાબે મૂકીને એ મારા વ્હાલા
જમણે ફંટાઈ જાય છે ડાઉનટાઉન તરફ...
બૂટેડ સૂટેડ રમત રમાડતા –
સફેદ ને પીળા પટ્ટાઓ પ્હેરીને!
રસ્તાઓ જનમાં હોય કે વનમાં
પોતે અદબ વાળીને ઊભા રહે છે
ને આપણને નાહકના દોડાવે
મેળવે ભેળવે ભૂલોકની ભૂગોળમાં
નબળી ક્ષણે છૂટા પાડી દે પોતાથી –
પોતાનાંથી પણ...!
ચોરાહા પર છાનામાના
કઠોર થઈને ક્રોસે ચઢાવે
જઈ જઈને જેરુસલેમ
પાછા આવે છેક બારણે
પુનઃ બોલાવવા – બાપડા!
આપણા વિના
એમનું કોણ છે આ જગતમાં?!
રસ્તાઓ મને બહુ બહુ –
બહુ ગમે છે મને રસ્તાઓ!

❖



## ભીંતો – ૧

ભેગી મળે છે ને વાતો કરે છે ભીંતો
કાન માંડીને સાંભળે છે
સખત થવાની સંતલસ કરે છે
ભીંતોની મસલત જાણતો માણસ
ભીંતોને શણગારીને શાણી કરે છે
જોકે આ ભીંતોય ઓછી માયા નથી
રાણી થવામાં એમને રસ નથી
રૈયતની રસિકતા એમનાથી છાની નથી
પાંચમે માળે પીપળો ઊગાડીને
છાંયડો કરવાનું વચન આપતી
આ ભીંતો કાંઈ ભોળી નથી
સંસ્કૃતિ સાચવવાનો
પોતાનો જ ઠેકો છે એમ માનતી ભીંતો
ખંડેરોનો વેશ કાઢે છે, ડરાવે છે ધસી પડીને...
સાચ્ચે જ મને તો ભીંતોની બીક લાગે છે
ભીંતોથી કોણ બચાવશે આપણને?
– છે કોઈ??!

❖

## ભીંતો – ૨

મૂંગી પણ મળતાવડી હોય છે ભીંતો...
આપણને એકલા છોડીને કશે જતી નથી
ને જવા દેતી નથી આપણને ઝાઝે દૂર પણ...
ભોળવીને ભરમાવે છે
એ ભોળી નથી સ્હેજેય
ભીંતો સ્નેહ કરીને સકંજામાં લે છે
ઘર બનીને ઘેરી વળે છે –
ઘૂઘવતાં પૂરની જેમ આપણને!
નિર્ણયોને ડગાવી દે છે
અડગતાને ફગાવી દે છે આપણી!
બારી બારણાં જેવી થોડી ઝાઝી
ટેવો પડવા દે છે
પણ પછી છટકવા દેતી નથી
બ્હાર કશેય ટકવા દેતી નથી
અંદરની આગને ઘડીકેય
અટકવા દેતી નથી
આ ભીંતો –
કબૂલ કે વ્હાલ કરે છે, ને હા –
સળગતા સવાલ પણ!
ભીંતો હંમેશાં
આપણી વલે કરે છે...!

❖



## ભીની આંખો

ભીની આંખો લૈ
બા, તું અમને મૂકી એકલાં ગૈ...!
તે દિવસથી આંખ અમારી
કદી ન કોરી થૈ... ભીની આંખો લૈ...

બન્ધ બારણાં બારી જેવા
સગપણ વચ્ચે જીવીએ...
ખાલી ખાલી ખેતર જેવાં
દિવસ-રાતને વ્યર્થ શીવીએ –
દુઃખનો દોરો લૈ!
બા, તું અમને મૂકી એકલાં ગૈ...!

વૃક્ષ વિનાની ધરતી જેવું
ઊનું જીવતર સૂનું લાગે...
જૂની સાંભરણ છાતી વચ્ચે
બળબળતું રણ થૈને જાગે –
વેળા તરસી લૈ...
આંખ અમારી હજી ન કોરી થૈ...

બા, તું અમને મૂકી એકલાં ગૈ...
ભીની આંખો દઈ...!!

❖

તા. ૨૭.૦૨.૨૦૧૫, બપોરે, મહેસાણા
તુલાસંજય: વિશ્વગ્રામઃ અનમોલ વીલા-૩

## પોતાપણાનું ગીત

આપણે તો એ ય બસ! આપણાંમાં રૂહેવું...

ઋતુઓ તો આવે ને જાય
એને બાંધી બન્ધાય નહિ એમ
વાદળ બન્ધાય વળી વીજળીઓ થાય
પછી વરસે છે પ્હાડોમાં પ્રેમ...
વૃક્ષોની જેમ બધું સ્હેવું
ને ફૂહેવાનું ફૂલ બની ફૂહેવું
આપણે તો એ ય બસ! આપણામાં રૂહેવું...

અંગેઅંગ મહેનતનાં મોતી
ને સૂરજ રમે છે કૂણા ઘાસમાં
વેળાનું વ્હાલ વહે શ્વાસોમાં
પૂર્વજ બેઠા છે મારી પાસમાં
તરણાંની જેમ જરા ઝુકીને
ઝરણાંની જેમ પછી વહેવું

આપણે તો એ ય બસ! આપણામાં રૂહેવું...

❖



## ગીત

સૈ, મને ઘેલી કરી છે એના ગીતે...
હવે અવાવર ઓરડામાં –
પડતર જન્મારો કેમ વીતે?
મને ઘેલી કરી છે એના ગીતે...

ધોધમાર વરસાદે ઝાડવાંઓ ગાય
એવું મારામાં પંખીઓ ગાય છે
આરપાર સોંસરવી ભીંજાતી કેડીઓયે
મોંઘે સંગાથ મેળે જાય છે

ખેતરમાં એકલી રહું તે કઈ રીતે
સૈ, મને ઘેલી કરી છે એના ગીતે...

કોઈ મને સાચવણું સોંપી ગ્યું –
પોતાને ઑરીને ચાસમાં
ડોડાને ડૂંડામાં, કન્ટી ને કાલામાં
એ જ હવે મ્હેકે છે શ્વાસમાં

પીપળાની જેમ હું ય ઊગું છું ભીંતે
સૈ, મને ઘેલી કરી છે એના ગીતે

❖

## કેમ?

કે એમ મને પૂછે છે ધૂળ
કે કેમ તને ફૂટે નહીં મૂળ...?

કાળઝાળ ઉનાળે કણજીઓ મ્હોરે
ને અરડૂસી અરણીને બેસે છે ફૂલ
ડાળીને સમજણ છે ખીલવા ને ખરવાની
વાયરો પણ જાણે છે પાંદડાંનું કુળ
કાંટાળા બાવળને રેશમ શાં ફૂલ
કે કેમ તને ફૂટે નહીં મૂળ...?

ઋતુઓ ખીલે ને ખૂલે ખેતરમાં આભલાં
દિશાઓ હસતી ને લેતી ઓવારણાં
પ્રથમી પણ મોલ થૈ ઝૂલે ને
ટહુકે ટહુકે રે ખૂલે તરુવરમાં બારણાં
તડકો પણ સોહે છે થૈને પટકુળ
ને તોય તને ફૂટે નહીં મૂળ...?
કે એમ મને પૂછે છે ધૂળ...

❖



## 'મૅર મૂઈ...'

ઝાડવાએ ધારી ધારીને મને જોઈ...

કૂંપળની જેમ હું ય શરમાઈ,
દોડી ગઈ હરખ સંતાડવાની ઑલે

'ક્યાં છે તું...' પૂછે શોબિગી ને
પીપળ પર કંસારા રઘવાયું બોલે
'મૅર મૂઈ...' માએ કહ્યું ને –
હું તો માને વળગીને ખૂબ રોઈ...
ઝાડવાએ ધારી ધારીને મને જોઈ...

પાંદડાંમાં સૂરજ ઊતરે ને એમ
મારામાં ઊતરે છે ઝળહળતું ઝાડવું
અણજાણ્યું પંખી કૈં એવું તો ગાય
મારે નામ એનું કેમ કરી પાડવું
હું જ મને શોધું છું ક્યારની
મેં જ મને રસ્તામાં ખોઈ...
ઝાડવાએ ધારી ધારીને મને જોઈ...

❖

૧૩.૦૭.૨૦૧૨, શુક્રવાર
(સવારેઃ બગીચેથી મળ્યું)

# ગીત

શમણામાં આવી મને વરણાગી દરિયાએ બાથ ભરી લીધી
સોનાવાટકડીમાં કેસર ઘોળે ને એમ ઘોળી ઘોળીને મને પીધી

આખીયે અવનિને બાહુમાં લેનારો
આઘો રહીને મારી છાતીમાં ઘૂઘવે
રેશમના પડદાને વાયુ ઝુલાવે એમ
અણદીઠું અડી અડીને મને લુભવે

કંકુ શા રાતા ઉજાગરાના ભાલાએ સાવ મને આરપાર વીંધી
સોનાવાટકડીમાં કેસર ઘોળે ને એમ ઘોળી ઘોળીને મને પીધી

ઝરણાની જેમ હું તો ઊછળતી કૂદતી
ને જંગલને વીંધવાનાં ગાતી’તી ગીત
પ્હાડોમાં દવ કોણે મૂક્યો ને મારામાં
ઓચિંતી જગવી આ વડવાનલ પ્રીત...

ફૂલોની જેમ કોણે ઊઘડીને મારામાં મારી સુગંધ મને ચીંધી
શમણામાં આવી મને વરણાગી દરિયાએ બાથ ભરી લીધી

❖

તા. ૩૦.૦૯.૨૦૧૫, બુધવાર
ક્રિસ્ટલ લેઇક (શિકાગો)



# ગીત (કાવ્ય)

વાયરાએ માંડી છે જંગલની વાત
આગિયાએ માંડી છે સૂરજની વાત...

બરછટ ડાળીએ એક કૂંપળ ફૂટે
ને પછી પંખીઓ ઝાડ બની ગાય છે
તડકો થૈ બેસે પતંગિયાં ને
ઘાસભર્યા ઢોળાવો ઝરણું થૈ જાય છે

તમરાંઓ અંધારુ સીવે
ને આગિયાઓ અજવાળે રાત
વાયરાએ માંડી છે જંગલની વાત...

ધરતીની છાતી પર ટેકરીઓ
પ્હાડોની જંઘાઓ ખીણોમાં ઊતરે
પાંદડું તોડીને પાણીમાં નાખીને
વાર્તાની કીડી ઉગારી કબૂતરે

વૃક્ષોના બાહુમાં મોસમ શરમાય
એને માણે છે સૂડા-ની જાત
આગિયા-એ માંડી છે સૂરજની વાત...

❖

તા. ૦૧.૧૦.૨૦૧૫, ગુરુવાર સવાર
ક્રિસ્ટલ લેઇક (શિકાગો)

## અમેરિકાની પાનખર જોતાં –

પાનખર આવી ને ઊભી છે બારણે
ઝુલે વનરાઈ આજ રંગોના પારણે...

પાંદડે પાંદડે પ્રગટી છે આગ આજ
નારંગી કેસરી પીળી રતુંબડી
પાંચસાત રંગોની ઓઢીને ચૂંદડી
પ્હાડોમાં ખેલે છે નાર અલબેલડી

વૃક્ષોમાં રંગોની લ્હેર ચડી
ગીત જાણે ગાયું કોઈ ચારણે
પાનખર આવી ને ઊભી છે બારણે...

ખીણોમાં પ્હાડોમાં રંગોની છોળ ઉડી
શેરીમાં આવે ને જાય ઋતુ બાવરી
વેળા છંટાઈ પછી છંટાયું આભલું
પીઠી ચોળીને ઊભી કન્યા કોઈ સાંવરી

ખરવાની વેદના ઉત્સવ થૈ જાય –
અહીં પરબારી રંગોને કારણે
પાનખર આવી ને ઊભી છે બારણે...

❖

તા. ૦૯.૧૦.૨૦૧૫, શુક્રવાર સવારે
ક્રિસ્ટલ લેઇક, શિકાગો



## હું માટી તું બીજ!

હું માટી તું બીજ
ચાંદો સૂરજ તું વણજારો
ઋતુનામ હું વણજારણ
ઊગવું ખીલવું ખરી જવું-નું
ગળે પડ્યું બંધારણ...
પૃથ્વી થૈ ગૈ સસ્તી ચીજ

કશું નથી-નું આભ ભૂરું આ
નથી સીમાડો... છેડો
સદીઓ પ્હેરી ગયા પૂર્વજો
કશે ન મળતો કેડો

હોવું તો જૂઠ્ઠું તાવીજ
શું માટી શું બીજ...

❖

તા. ૦૮.૧૦.૨૦૧૫
ક્રિસ્ટલ લેઇક, શિકાગો

## એકલી

નામ મારું 'એકલી' પાડ્યું છે ફોઈએ
તે દી'થી 'કેમ છે?' પૂછ્યું ના કોઈએ...

નથી પંખી કે ઝાડ મારાં –
આંગણામાં કોઈ નથી ગાતું
ચાંદા સૂરજ વિના જગ આખું
પરબારું આવતું ને જાતું

હું ને મારો પડછાયોઃ બે જ અમે હોઈએ
નામ મારું 'એકલી' પાડ્યું છે ફોઈએ...

આવવાનું કહીને ગ્યા
વાયરા એ લૂ થૈ વાતા
આંખોમાં ગુલમૉર? ના, રે...
એ તો ઊઘડ્યા ઉજાગરા રાતા

કાળમીંઢ ડૂમો ને હુંઃ ક્યાં જૈને રોઈએ?
અમથું પણ 'કેમ છે?' પૂછ્યું ના કોઈએ...

❖

તા. ૧૨.૧૦.૨૦૧૫
કોલંબસ ડે, શિકાગો



## સ્માર્ટ છોકરીનું ફોન-ગીત

રોજ એના 'મેસેજો' આવે

નટખટ છે નકટો છે
લખતાં જરાય નહિ લાજે
ઉડી જઉં ઓગળી ને ડૂબી જઉં –
એનામાં, થાય મને આજે

ગાડું ભરીને ગૉળ લાવે
રોજ એના મેસેજો આવે

વૉટ્સએપ ઓઢું ને પાથરું
ફેસબુક પીઉં ને ખાઉં
ક્લીક કરું આઇસક્રીમ
ડાઉનલોડ ભાજીને પાઉં

ટેરવાંને એ જ હવે ભાવે
રોજ એના મેસેજો આવે...

રિ-ચાર્જ રોજ કરું વાપરું
ઊભા ટાવર મારે પીવા
કોયલ ટહુકો એનો રીંગટોન
થાય મારે રોમ રોમ દીવા

વાત મારી પપ્પાથી મમ્મી છૂપાવે
રોજ એના મેસેજો આવે...

❖

તા. ૨/૫.૧૦.૨૦૧૫
શિકાગો

## ભાગી ગયેલી છોકરીનું ગીત

કોઈ મારી વાત નહીં માને...

એને હું ગમતી'તી હું તો બસ એટલું જ જાણું
મેં જ એને કીધું'તુંઃ તેડી ભગાડી જાઃ એ જ મારું આણું'
બનવાનું ઊઘાડે છોગ બન્યું નથી કૈં છાનું...

કોઈનામાં માથું હું મારું ના
લોક મારી વાત કરે શાને?
કોઈ મારી વાત નહીં માને...

અફવા ઊડે કે ઊડે તેતર-માં નથી મને રસ
ગુલાબી ઓઢણીના પાલવમાં એય થતો વશ
પાંપણના છાંયડે રાખે મને ક્હેતો ના જરીકે – 'ખસ'!

ચુંબનથી મધમીઠાં સંબોધન
રીંગ બની ઝુલે છે કાને
કોઈ મારી વાત નહીં માને...

❖

તા. ૦૨.૧૦.૨૦૧૫, શુક્રવાર
શિકાગોઃ ક્રિસ્ટલ લેઇક